સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૯–૯–૦૮ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૩–૯–૦૮ ના પત્ર નં.સી.મી.સ/૮/૧૮ થી વિદિત થઈ, તેમજ સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સરકારશ્રીના તા.૧–૭–૦૮ ના હુકમ નં.નરયો/૧૪૨૦૦૮/૨૭૬૨/લ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૩ (વડોદ)ને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવા માટેની સમયમર્યાદામાં તા.૬–૭–૦૮ થી વધુ ત્રણ માસ એટલે કે તા.૬–૧૦–૦૮ સુધી વધારો કરી આપવામાં આવેલ હોય જે ધ્યાને લેવાનું, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૩ (વડોદ)માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવાનું અને તેને આનુસાંગિક ફેરફારો કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૩ (વડોદ)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાનું તેમજ તેને આનુસાંગિક જરૂરી કાર્યવાહી કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ–૨૦૦૬ માં સુરતના થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર ધ્વારા વપરાશ/ઉપયોગ ચાલુ હોઈ, હયાત પરિસ્થિતિ અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના નીચે જણાવ્યા મુજબના બાંધકામો ઉપર મુકવામાં આવેલ સૂચિત રીઝર્વેશન/રસ્તા (સુડાના મંજુર રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૨–૯–૨૦૦૪ ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી.ના રોડ પરના બાંધકામો સિવાય)દુર કરવા જરૂરી સુધારા કરવા અને તેને આનુસાંગિક ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | દરખાસ્તમાં રજુ કરેલ રીઝર્વેશન નંબર | ગામ | બ્લોક નંબર/રે.સ.નં. |
|---|---|---|---|
| ૧ | આર–૧ | મોજે વડોદ | ૧૫૩ |
| ૨ | આર–૨ પાર્ટ | મોજે વડોદ | ૧૫૩, ૧૦૪/૨ |
| ૩ | આર–૬ | મોજે વડોદ | ૧૦૭, ૧૦૮ |
| ૪ | આર–૭ | મોજે વડોદ | ૧૦૬/૨, ૧૪૭/૧ |
| ૫ | આર–૮ | મોજે વડોદ | ૧૪૭/૩ |
| ૬ | આર–૯ | મોજે વડોદ | ૧૮૦ |
| ૭ | આર–૧૨ પાર્ટ | મોજે વડોદ | ૧૮૦ |
| ૮ | આર–૧૩ પાર્ટ | મોજે વડોદ | ૧૭૬/૨, ૧૭૮, ૧૭૯ |
| ૯ | આર–૧૭ | મોજે વડોદ | ૧૮૨ |
| ૧૦ | આર–૧૮ | મોજે વડોદ | ૧૮૩ |

| અ.નં. | દરખાસ્તમાં રજૂ કરેલ રીઝર્વેશન નંબર | ગામ | બ્લોક નંબર/રે.સ.નં. |
|---|---|---|---|
| ૧૧ | આર–૨૨ પાર્ટ | મોજે વડોદ | ૧૮૪, ૧૮૮, ૧૯૧ |
| ૧૨ | આર–૨૩ પાર્ટ | મોજે વડોદ | ૧૮૬ |
| ૧૩ | આર–૨૫ | મોજે વડોદ | ૧૭૨/૧, ૧૭૨/૨, ૧૭૨/૩, ૧૭૨/૪ |
| ૧૪ | આર–૨૬ પાર્ટ | મોજે વડોદ | ૧૭૧ |
| ૧૫ | આર–૨૭ પાર્ટ | મોજે વડોદ | ૧૫૮, ૧૫૯ |

<u>ઠરાવ નં.૪૧/૨૦૦૮ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૩૦–૯–૦૮.

//ભરૂચા//

ઈનવર્ડ નં. ૬૮
ટી.પી.મી.ઠરાવ
તારીખ ૩-૧૦-૦૮

નં. સામીરા/ ૮/૬/૯૬ Received On
તા.૩/૧૦/૨૦૦૮ Dt. ૩૦/૯/૦૮

ઠરાવ નં ૧૩૩૮/૮ પાના નં. ૩૨
પત્ર નં ૨૨